અર્પણ.

શ્રી પરમકૃપાળુ પરમાત્માના કાયદા અગર
કુદરતના નિયમોની અવગણના કરનાર
સ્વાર્થી, વ્યસની, અને અક્કલ વિનાના
ત્યાગી મોહક, વ્યભીચારી, વેષધારી
સાધુઓને તથા અંધશ્રધ્ધાળુ ભક્તોને
આ પુષ્પ હું મારા અંતઃકરણના
શુદ્ધ મનોદ્‌ગારસહ સપ્રેમ

અર્પણ

કરૂં

છું.

कर्ताना नमस्ते.

" બે બોલ "

પ્રિય પાઠકો ! હું કાંઇ વિદ્વાન કે [illegible] ધનવાન કે જેથી હું દુનીયામાં તનમન-ધનથી પરોપકાર કરી શકું ! પ્રાચીન તથા અર્વાચીન કાળમાં ધર્મપ્રવર્તક તત્વશોધક મહાન પુરુષો-એ ઉજ્વળ ચરિત્રો તથા પરમ પુરુષાર્થથી આપણુને કળાકૌશલ્ય ને હુનરઉદ્યોગથી દીપાયમાન કરી દીધા છે. એટલું જ નહિ પરંતુ કીર્તીરૂપી શરીર અમર કરી ગયા છે. જેવા કે બુદ્ધ, જરથોસ્ત, જીજસક્રાઇસ્ટ, શંકરાચાર્ય, માર્ટિનલ્યુથર, સોક્રેટીસ, પ્લેટો, ઍરીસ્ટોટલ, ફ્રાન્સીસબેકન, ન્યુટન, જેમ્સવૉટ, કોલમ્બસ (દેશશોધક) મોઝીઝ (કાયદા બાંધનાર) તથા નૅપોલીયન બૉનાપાર્ટ જેવાઓ જીવનની પણ પરવા રાખ્યા શિવાય ઉપકાર કરી ગયા છે. હું અલ્પજ્ઞ શિ વિશાતમાં કે તે રુણુથી મુક્ત થઇ શકું. પણ આ મનુષ્યજન્મ સાફલ્ય થવાનું કલ્યાણ-કારી કાર્ય કરીએ તો સારૂં એમ સમજીને મહાન પુરુષોના કર્મો જનસંપ્રદાય આગળ ફેલાવવા એ અમારો પહેલો પ્રયાસ છે. કેટલાક ધર્મગુરૂનો ડોળ કરનાર અજ્ઞાન સાધુઓ અણુસમજુ ભાઇઓને અવળે રસ્તે જતા અટકાવીને પરોપકાર કરવાના સન્માર્ગે વાળે એ મારી નમ્ર પ્રાર્થના છે. કેટલાક અંધશ્રદ્ધારૂપી પ્રવાહમાં તણુતા ભાઇઓ ધર્મને નામે ધતિંગ એટલે પાટને બ્હાને પાપ કરે છે. દાખલા તરીકે પાટ માંડીને ગાંજા તમાકુ વગેરે ફુંકી તથા બીજધર્મને નામે વ્યભિ-ચાર કરે છે. ચેલાચેલીને કંઠી બાંધી ટીલાં ટપકાં કરવાં શીખવી દુર્બોધ કરે છે કે ફક્ત અમને આપવાથી જ તમારૂં કલ્યાણુ છે.

વળી નીતિ પાળ્યા વગર તીર્થયાત્રા કરવા જેમ તેમ ભટકી દેવદેવી પત્થર પુજી દેવાદાર થઈ નામ અમર કરો વગેરે અવળું સમજાવી જીંદગી જોખમમાં નાખે છે. આ લઘુ પુસ્તકનો હેતુ વ્યસન, વ્યભીચાર, અભક્ષ, સ્વાર્થ, વ્હેમ, કુસંપ અને અજ્ઞાનતા દુર કરી સુખ શાન્તિ ને આનંદ પ્રાપ્ત કરવાનો છે.

કોઈના આત્માની લાગણી દુઃખવવાના હેતુથી આ લઘુ પુસ્તક રચ્યું નથી છતાં તેમ જણાય તો તે અપરાધ ક્ષમા કરવા મારી નમ્ર પ્રાર્થના છે. વળી મારે એટલું પણ વિનવવાનું કે જેમ હંસ દૂધ ને પાણી ભેળવેલું હોય તેમાંથી ફક્ત દૂધને જ ગ્રહણ કરે છે તેમ વાંચકવૃંદ પણ અનુસરે એવી આશા છે. રા.રા. ભાઈશ્રી આત્મારામ ઇચ્છારામ સોલંકી રાદેસણવાળાએ આ લઘુ પુસ્તક છપાવતાં પ્રૂફ સુધારવામાં તેમજ નોંધ કરવામાં ઘણી સારી મદદ કરી છે તેમનો હું અત્યંત આભાર માનું છુ.

નીચે દર્શાવેલા અસ્પૃશ્ય જ્ઞાતીના નિસ્વાર્થી અને નિર્વ્યસની ઉપદેશકોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૧	શ્રીયુત	પૂજ્ય	પંડીત	શ્રી ગણેશ છગનજી વરતીયા	મુ. કડી
૨	,,	,,	,,	કુશારામ જયરામજી વરતીયા	,,
૩	,,	,,	,,	લાલજી ભગવાનજી શર્મા	મુ. ભરૂચ
૪	,,	,,	મહાશય	લાલદાસ લક્ષ્મીદાસજી	મુ. કેરથા
૫	,,	,,	,,	મોતીરામ લાલદાસજી	મુ. ઓયણુક
૬	,,	,,	મહંતશ્રી	મોહનદાસજી ગુરુ આત્મારામજી	અમદાવાદ.

શ્રાવણ પૂર્ણિમા. ભોમ. }

રચનાર,
કાળિદાસ. કૃ. વૈશ્ય.

(હરીગીત છંદ.)

તું તીર્થમાં જ્યાં ત્યાં વિચરતો ધર્મ જાણીને ધસ્યો,
વૈરાગ્યથી વસ્તી તજીને વન વિષે જઈને વસ્યો;
ભગવાં ધરીને ભટકતા રહી પેટ ભીખીને ભર્યું,
શી રીત ઈશ્વર રીઝશે તે સારૂં કોનું શું કર્યું ? (૧)
ભગવાન લૂખી ભક્તિથી રીઝે નહિ રજ માત્ર તે,
પણ ભક્તિ પર ઉપકાર સાથે થાય પ્રિય પાત્ર તે;
તેં વગર વાદવિવાદ કીધા કામ તેથી શું સર્યું,
શી રીત ઈશ્વર રીઝશે તે સારૂં કોનું શું કર્યું ? (૨)

(કે. દ. ડા.)

મહાપુરૂષ માંખણ ગ્રહે, ગ્રહે છતહીણા છાસ;
નીચ બુદ્ધિ નરકે પડે, વડાને વૈકુંઠ વાસ.

(સામળભટ)

✻તિમિર પ્રકાશ અર્થાત્ પાખંડદર્પણ.✻

ओ३म आ ब्रह्मन्ब्राह्मणो ब्रह्मवर्चसी जायतामा राष्ट्रे।
राजन्यः शूर ईषव्योऽतिव्याधी महारथो जायताम् ॥
दोग्ध्री धेनुर्वोढाऽनड्वानाशुः सप्तिः पुरन्धिर्योषा जिष्णूरथेष्ठाः
सभेयो युवाऽस्य यजमानस्य वीरोजायताम् ॥
निकामे निकामे नः पर्जन्यो वर्षतु ॥ फलवत्यो न
ओषधयः पच्यन्ताम् ॥ योगक्षेमो नः कल्पताम् ॥

यजुर्वेद अ. २२।मं।२२

ભાવાર્થ:—હે પરમેશ્વર અમારા દેશમાં બ્રાહ્મણો જ્ઞાનથી પ્રકાશીત હો, ક્ષત્રીય, શૂરવીર અને ગુણવાન હો. અમારા દેશમાં દૂધ દેનારી ગાય, સારા બળદ, અને વિદ્વાન સ્ત્રીઓ હો. યજમાન યજ્ઞરક્ષક અને સભામાં માન મેળવનાર હો; અને સારા વરસાદથી વનસ્પતિ ને ફળો ભરપુર હો, તથા અમારી બુદ્ધિ સર્વનું કલ્યાણ ઇચ્છનાર થાવ.

એક કૃષ્ણપક્ષની અંધકારમય રાત્રિએ અજ્ઞાનથી અંજાએલા અંધશ્રદ્ધાળુ ભક્તને ત્યાં, લપોડશંખભાઈ, તથા પોપાંબાઇ પાટ માંડવા આવ્યાં હતાં.તેઓ ચતુર્ભૂજ પાટ માંડી ભજનો ગાવા લાગ્યાં.

એવામાં શિતળદાસ, કુચાલદાસ, નેવલદાસ, અને શલીલદાસ વિગેરે સાધુઓ જે........હરી........કરીને આવ્યા અને પાટની પાસે બેઠા પછી મોટા આડંબરથી પૂછવા લાગ્યા. મહારાજ આપનું નામ શું? મહારાજ કહે મારૂં નામ તો લપોડશંખદાસ છે. શિતળદાસ-પાટ માંડીને ભજન કેટલાં ગાયાં?

લપોડશંખ—ભજન ચોહર ગુંથ્યાં છે. શિતળદાસ—ચોહર કર્યાં હોય તો ગાંજો ભાંગ ઉડાવો. અંધશ્રદ્ધાળુભાઈ—માતાજી પોપાંબાઇ તમે ગાંજો ક્યાં મુક્યો? પોપાંબાઈ—ગાંજો, તમાકુ, બીડીઓ, ચા, પાન અને બીજાં વ્યસનો મારી પાસે તૈયાર છે આમ કહી ગાંજો શિતળદાસને આપવા લાગ્યાં. શિતળદાસ—માંઇ નિચે રખ્ખો, હમ અસત્રીકું અડતા નહિ. આ સાંભળી પાટ પાસે બેઠેલામાંનો એક હરીજન બોલી ઉઠયો, " મહારાજ સ્ત્રીમાંથી, માણસો પેદા થાય છે. જેમ કે બ્રહ્માને બ્રહ્માણી. મહાદેવને પાર્વતી. ઇંદ્રને ઇંદ્રાણી, વિષ્ણુને લક્ષ્મી, ગૌતમને અહલ્યા, રામચંદ્રને જાનકી, કૃષ્ણને રૂક્ષ્મણી, અત્રેયીને અનસુયા, યુધિષ્ઠિ ને દ્રૌપદી. અને સ્ત્રીઓમાંથી ભક્તો, શૂરવીરો. મહાત્મા, સાધુ અને સતીયો જેમકેઃ—

પ્રહલાદ, સુધન્વા, પાંડવો, બળી મહાત્મા ગાંધીજી, તિલક તથા મહર્ષિ સ્વામી-દયાનંદ સરસ્વતિજી અને બ્રહ્મચારિણી મિરાંબાઇ, સાવિત્રી આદિ... વળી તમે પણ માતાના ઉદરથી જન્મ્યા છો, છતાં સ્ત્રી રાખતા નથી. શિતળદાસ—હાં બાપું ઇ હંધુય હાસું પણ માળ્યા આપા ઇ ગીનાન તમે નં જોંણો અમે ત્યાગી નીઝારપંથી બીજધર્મ હલાવીએ છીએ. તેથી અસતરી હમ્મે રાખતા નથી, ન્યાં મોહને ગંધ્રવાડ હોય સે. હરીજન--તમે ગોળ,ઘી, મરચું, મસાલો ને માદક પદાર્થો તથા રાજસી તામસી ખોરાક ખાઓ છો? શિતળદાસ--હા

ઈઅમારે સિવાય તો લગારય ગાડું આગળ હાલજ નહિ.
હરીજન--તમે ભિન્ન પ્રકારનાં સુખો ભોગવો છો. સોના રૂપાના દાગીના પ્હેરો છો. સ્ત્રીરૂપી ઘોડીપર બેસો છો. ત્યારે ત્યાગ્યું શું. કાંઈ ત્યાગ્યું જણાતું નથી. તમે શું નિંન્દા, નીદ્રા, વ્યસન, માન, લોભ, ક્રોધ, પંચવિષય, જુઠ કપટ, છળ, મમતા, વ્યભિચાર અને ઉપાધી વગેરેને તાગ્યાં ? ત્યારે મોહતો તમારામાં છે. છતાં જુઠું બોલી ઠગો છો તેથી તમારાં કરતાં બ્યંઢળ (નપુષક અગર વૃષભ) સો દરજ્જે શ્રેષ્ઠ છે. કારણ કે બળદો ઘાસ ખાય છે છતાં અનહદ ઉપકાર કરે છે. પરંતુ તમારા જેવા દુષ્ટાડંબરી મેવા મિષ્ટાન્ન ખાય છે છતાં જગતને એક બોજારૂપજ છે. અફશોષ... વળી તમે બીજ ધર્મને બીજ માર્ગના નામે સંબોધો છો તેનો અર્થ શો ? તેની ઉત્પતી કયા વેદમાંથી છે ?

શિતલદાસ--પાટ માંડી પડદા તાણીને તેની અંદર એક નગ્ન સ્ત્રીને સુવાડીએ છીએ. પછી વારા ફરતી એકેક પુરૂષને પરસાદી લેવા મોકલીએ છીએ. તે સ્ત્રીની સાથે સમાગમ કરે છે; તે બીજધર્મ. અમો વેદ ભેદમાં તો સમજતા નથી. પરંતુ પુરાણમાં એનો દાખલો છે. હરીજન-મત પઢો પુરાણ જુઠી ગપ ભરી હે..બીજ સાચવે તેનું નામ બીજધર્મ કહેવાય. અને તેનું ખરૂ રહસ્ય બ્રહ્મચર્ય છે. જે વિર્યનો નીરર્થક વ્યય કરે તે બીજધર્મ નહિ પણ બીજ દુષ્ટકર્મ (બીજુ દુષ્ટકામ) કહેવાય; કારણ કે ગુપ્ત વ્યભીચારથી બાળહત્યા થાય છે માટે ધર્મને બ્હાને ધતિંગ અને પાટને બ્હાને પાપ કરવાં યોગ્ય ગણાય ? વળી પાટ શા કારણથી માંડવા શરૂ કર્યા છે તેની પણ તમને ખબર નથી. શિતલદાસ-પાટ હમણાંના નથી પણ અસન જગથી મંડાય છે. અને તે શિવ તથા શક્તિએ નિર્માણ કરેલા છે. હરીજન--અસન જગ એટલે શું ?

શિતલદાસ—જ્યારે સુર્યચંદ્રને પૃથ્વી ન હોય તે સમય અજ્ઞાન-જય. હરીજન—એ કયુંયે નહોતું ત્યારે પાટ શાની ઉપર અને કેવી રીતે મંડાતો, અને શિવ ને શક્તિ તે કોઇ સુથાર હતાં કે તેમણે બનાવ્યાં ? આવાં ગપાષ્ટક છોડી દઇને સત્ય હકીકત જણાવવી જોઈએ. શિતલદાસ—તમે સત્ય હોય તે કહો. હરીજન—વેદ છે ત્યારના યજ્ઞો છે. યજ્ઞોમાં સાત્વીક વસ્તુઓ તથા સુવાસીત દ્રવ્યોનો હોમ કરી દેવોને આહુતિ આપતા તેથી તે પ્રસન્ન થતા. પરંતુ કોઈ કાળમાં દુષ્ટ રાક્ષસો યજ્ઞ ક્રિયાઓનો ભંગ કરવા માટે દારૂ પિશાબ, રૂદ્ર વગેરે મળ પદાર્થો હોમી સંત મહાત્મા, ઋષિમુની તથા પ્રેમી-ભક્ત જનોની લાગણી દુખાવતા. તેથી જોતપાટ (લઘુયજ્ઞ) ની ક્રિયા શરૂ કરી રાત્રે બાર વાગે સ્થાપી પરોઢીએ (ચાર વાગે) સમાપ્ત કરવાની રીત દાખલ કરી. દુષ્ટ રાક્ષસોની બીકથી દ્વારપાળ રાખી સાત્વીક વસ્તુઓનોહોમ શરૂ કરતા હવે પાંચ ભજનનું બ્હાનું કાઢી દુષ્ટાત્માઓ પુરોહિતનો ડોળ કરી સાત્વીકને બદલે તામસી પદાર્થો ચડાવવા, હોકા બીડી પીવી શરૂ કરી ધુમાડાના ગોટા કાઢી વાયુ દેવને ભ્રષ્ટ કરી નાખે છે. માયામાં ઉત્પન્ન થઇ આખરે માયામાં લય પામવાના છે. માયામાં જાણુંમાણું હોઇને પણ સ્વાર્થ સાધવામાં જ્ઞાનીપણાનો આડંબર કરી કહે છે કે માયા ધુમાડાનાં બાચકાં છે. " આવું કહેનારા ધુમાડો શું જોઇને પીતા હશે. ? બાચકા ભરી દેખાડવા ? અફશોષ. ૩.

કુચાલદાસ—બીડી તમાકુ પીવામાં કંઇ પાપ નથી, હમણાં છાપખાનું નીકળ્યું છે તેથી આવુ બોલો છો, પહેલાં આવું ગનાન નહતું. મહાત્માઓ ગાંજો પીતા અને વેદમાં પણ તમાકુ પીવાનું

કહે છે. હરીજન—ગાંજો પીએ ત્યારે મહાત્મા શાના ? કદાચ ગાંજો માનસીક પ્રકૃતિને એકજ રસ્તે દોરે છે એવું માનીને મહાત્માનો વેશ ધારણ કરનાર પીતા હશે. વેદમાં હુકો પીવાનું કયા ઠેકાણે છે ? તમે વેદનું અધ્યયન કર્યું હોય તો કહો તે કેટલા છે અને કયા કયા છે ?

કુચાલદાસ—અથર, ઝઝર, સામને સપેત. અથર તે પથર, ઝઝર તે ઝરણા, સામ તે શીલને સપેત તે ધોળો આવું સાંભળીને હરીજનો હસ્યા. તેથી તેનો ચેલો નેવલદાસ ફુલાઇ ગયો અને બોલ્યો.

નેવલદાસ—અમારા ગુરૂ કંઇ કાચા પોચા નથી અમે શેનમા વાધરી, તુરી વગેરેને પરમોદીએ છીએ. શું અમને આટલુંજ નહિ આવડતું હોય, ત્યારે અમે સાધુ શું કરવા બન્યા હઇશું. અમે ત્રણુસોને સાઇઠ ભજન સપાયાં છે. અને સાખીઓનો તો સેડાય નથી. તેમાં એવો તો સ્વાદ છે કે તેને ખુણામાં ઉપેવ ખાય છે. હરીજન—ભાઈ તારો ગુરૂ હુવડ ને તુ ચેલો ચીપડો હોય તેમાં શી નવાઇ ? તમે વેદ જોયાજ નથી તો સમજો ક્યાંથી પરંતુ દંભથી દુરાગ્રહ કરી જેમ તેમ બકો છો. જુઓ હું વેદનાં નામ જણાવું. ૧ ઋગ્ ૨ યજુ ૩ સામ ૪ અથર્વ. આ ચાર વેદોમાં પૃથક પૃથક વિવરણ કરેલું છે. પણ તમે તેનું રહસ્ય ન જાંણુતાં મંત્રો, ગાયંત્રીઓ અને શ્લોકો કલ્પિત ઘડી કાઢેલા છે. કુચાલદાસ શું તમે આવા શ્લોકને ગુરૂમંત્ર માનતા નથી...સાંભળો:—

ઓહંગ સોહંગ સત સબ્દ રજ રતી;
સાહેબ નામ સોલ વાલ એક રતી.

હરીજન—કયા વેદમાં અને કયા ઠેકાણે આ શ્લોક છે ? આ સાંભળી કુચાલદાસ દીગ્મૂઢ બની ગયો ત્યારે શિતલદાસે પુછ્યું કે

હરીજન તમે વેદનો ગુરૂમંત્ર જાણો છો ? જાણતા હોય તો બોલો જોઇએ (હરીજન મંત્રોચ્ચાર કરે છે.)

॥ अथ गुरुमंन्त्रः ॥

ओ३म् भूर्भुवः स्वः तत्सवितुर्व्वरेण्यम्भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॥ ऋ ३ । ६२ । १० ॥

ભાવાર્થ:—ભુત ભવિષ્ય અને વર્તમાન કાળમાં એક સ્વરૂપે રહેનાર, જ્ઞાન સ્વરૂપી, પ્રકાશાનંદમય, જગતનું રક્ષણ કરનાર, એવા પ્રેરક ઇશ્વરનું અમે ધ્યાન ધરીએ છીએ કારણકે તે ઇશ્વર અમારી સર્વની બુધ્ધિને સદ્માર્ગે વિશષ પ્રકારે દોરનાર છે. શિતળદાસ—આમાં હું કંઇ સમજ્યો નહિ.હરીજન—સાધુ શું સમજીને થયા છો ? ભીખ માગવા ? શિતળદાસ—મુર્ખને કંઠીઓ બાંધી પરમોદવા. (ધુતવા) લપોડશંખ—શિતળદાસ તમારે ઘર છે ? શિતળદાસ—ના અમારે તો મોટું મંદીર છે. લપોડશંખ—તમારે ગામ ગરાસ છે ? આથી મહારાજ ખીજવાયા અને પીતો ઉકળી જવાથી ક્રોધાતુર થઈ બોલી ઉઠયા કે "તને અમારી ખબર ક્યાંથી હોય ? અમે મોટા મઠપતિ છીએ ને હવડે ભંડારો કરી અમારા ઉંટ ગુરુ પાસેથી મહંતાઇ ખરીદિ લાવ્યા છીએ; તેની ખબર નથી કે શું ? વળી અમે દસ બાર ચેલા સત્તર અઢાર વેઠો,ઘોડી ગાય, ઢાલીગો વગેરે સાથે લઈ અસ્પૃશ્ય જ્ઞાતિઓમાં ફરી વેરો ઉઘરાવીએ છીએ. અમારે ખડ જોગણુના તથા ચાપાણીનાજ એક ટંકે રૂ. (૨) એ જોઇએ વળી રસોઈમાં શીરો ખીચડી, શાક, અથાણું, દહી, કચુમર, બન્ને ટંકે જોઇએ તેના દર ટંકે રૂ.(૫)પાંચ ખર્ચ થાય.અને માગણીમાં અમે સો બસો રૂપીઆ કે ઘરેણાં અનાજ વગેરે લઇએ છીએ.અમારી સમાન પદવી

ધરાવનાર કોઈ ન હોવાથી અમારા આસન પર બેસવાને કોઈ પણ લાયકાત ધરાવતુ નથી. વળી અમારા ત્યાં સદાવ્રત ચાલે છે. ભંડાર-માં એક લાખ ને એંસી હજારની શિલક છે. અને બાકી બધું બહાર મુકીને અમે કાઠીયાવાડમાં ગયા હતા. આ પ્રમાણે લપોડશંખને પોતાનો પ્રભાવ દર્શાવીને ધમકાવવા લાગ્યા. પણ લપોડશંખ કયાં ડરે તેમ હતો. લપોડશંખ—બહુ બકબકાટ કરવો નહિ મારે વજર-ઘંટ નામનો ભાઇ છે તે તમારાથી પણ વધારે અડેખમ છે. જાણ્યું કે? હરીજન—લડશો નહિ, સત્સંગ થવાદો, તમે તામસી ખોરાક લોછો તેથી તમારી બુદ્ધિ તિવ્ર છે; જેવો આહાર તેવો ઓડકાર માટે તમારે તો ફળ ફળાદી મેવા જેવી સાત્વિક ચીજો ખાવી જોઇએ; અને શૃંગારમાં ઝોળી તુંબીને તંબુરા સીવાય અન્ય કંઇ ન રાખવું જોઇએ. છતાં ઘર સંસારીથી વધુ આડંબર રાખી જગતમાં બોધ કરવાની બાધા રાખવી એ શું વ્યાજબી છે? સરકાર શહેરમાંથી ઘરદીઠ રૂા ૧) વેરાનો લઈ તેમને ઘણા પ્રકારની સગ-વડો કરી આપે છે. (૧) રસ્તા સાફ કરાવે છે (૨) દીવા મુકે છે. (૩) પાણીના નળ મુકી આપે છે. (૪) કજીઓ ટંટા અટકાવવાને સીપાઇઓ રાખે છે (૫) જાજરૂ, ગટર, પીશાબખાના મુકાવે છે. (૬) ન્યાય આપે છે. (૭) નાગરીકોમાં વિદ્યા પ્રચાર કરે છે. આવાં વિવિધ પરોપકાર કરે છે. પરંતુ તમે ખડજોગણુ, ચાપાણી, સીધુ સામાન, વેડવારા તથા માગણીઓમાં છડીઓ રૂંપીયા લોછો છતાં તેનો ઉપકાર સરખો ન માનતાં ઉલટુ તેઓને પજવવુ છોડતા નથી, અને ઘણું દુઃખ દઈ મોટી માગણીઓ લેવામાં મોટાઈ માનો તે વાસ્તવિક કહેવાય? સાધુની વેડમાંથી બીજી ઘણી પ્રકારની વેડ વળગી

છે, વળી વ્યસન, અભક્ષ, ફટાણાં ગાવાં, ભવાઈ જોવી, દારૂખાનુ ફોડવું, મરણાન્તે રડવું, કુટવું, બાળ લગ્ન, કન્યાવિક્રય અને અસ્વચ્છતા આદિ જે કુધારા છે તે છોડાવવા સદ્બોધ આપી ફરજ અદા કરતા નથી. અલ્યા અંધશ્રદ્ધાળુ ભાઇ આ લપોડશંખદાસ તમારા ગુરુ છે? અંધશ્રદ્ધાળુ—ના ભક્તરાજ આ પોપાંબાઇના સ્વામી ધુત્રડદાસ મારા ગુરુ હતા તેમના મરણ પછી "લપોડશંખભાઇ પોપાંબાઇના રાજ્યમાં પાટ માંડી ખાય છે." હરીજન—લપોડશંખ ભાઇ તમે માંશ ભક્ષણ કરો છો તેથી તમારે પાટ માંડવો ઉચીત નથી. લપોડશંખ—માંશ ખાવામાં કંઇ બાધ નથી,

માંશકી માયા માંશકી કાયા, માંશે માંશ નીપજાયા;
જો માંશકી સોસ કરે તો, માની જુને કયું આયા?

હરીજન—આ શાખી બુદ્ધિમાન પુરુષે અન્ય ભાવાર્થમાં દર્શાવી છે, પરંતુ તમે તેનું ખરૂં રહસ્ય ન જાણતા ધુત્રડગતી અનુસરો છો. શ્રવણ કરો "કેટલાક મુડદુ ભક્ષ કરે છતાં અભડાતા નથી પરંતુ જીવતા મનુષ્યને અડક્યાથી અભડાયાની શંકાથી છાંટ લે છે, તેઓને વ્હેમ નષ્ટ કરવા આ શાખી કહી છે." લપોડશંખ—ત્યારે ચામડાની જીભ મુખમાં રાખી મુકવાનુ કારણ શું? ઉત્તર **आत्मना देहं पवित्रं** આત્માથી દેહ પવિત્ર છે.છતાં શરીરમાંનુ મળ ત્યાગ્યા પછી આપણને તેની સામું જોવું ગમતું નથી. **आचारेण मानवं पवित्रः** આચારથી મનુંષ્ય પવિત્ર છે. જ્યારે મળ ધારણ કરનાર માંશનો સ્પર્શ કરાય નહિ ત્યારે તે ખવાય કેમ? વળી તમે કહોછો કે "માંશની કાયા તો માંશ શાનું બનેલું હશે? લપોડશંખ—પીશાબનું. હરીજન-માંશનું શરીર બન્યું છે એમ માનીને માંશખાય છે, ત્યારે તમારા

કહેવા મુજબ પીશાબનુ માંશ બનેલું છે તો શું પીશાબ પીવાય કે? લપોડશંખ—જનાવરનાં ઇંડાં તે પીશાબ કે શું? એને મુસલમાનો કેમ પીતા હશે? હરીજન—ભાઇ તમે તે લપોડશંખ કે ડફોળશંખ કેમકે यथा नाम तथा गुणाः તરા નામ પ્રમાણે ગુણ જણાય છે. કેટલાક મુસલમાન ભાઇઓ પોતાના પીશાબને કપડે અડવા દેતા નથી પરંતુ મરઘડાનાં ઇંડાં તથા માંશ તેમને પ્રીય હોય છે. વળી ઘાસ ખાઇને અનહદ ઉપકાર કરનાર ગાય માતાને ત્રાસ આપે છે, અને નીરુપ-યોગી કુકરને બચાવે છે, માટે વ્યસનને અભક્ષ વર્જીત કરવા યોગ્ય છે. આમ વાદવિવાદ ચાલતો હતો તેવામાં सत्यानंदजी નામે આચાર્ય આવ્યા અને " ओं सत चित आनंद રૂપ પરમ પિતા પરમાત્માને नमस्ते કરી બેઠા, એટલે કુચાલદાસ, નેવળદાસ, લપોડશંખદાસ અને શિતળદાસ બોલી ઉઠયા " પધારો શેઠજી આપના સ્નેહી માસ્તરને કયાં મુકી આવ્યા, અહીં આખી રાત્રીથી હરીરસ વરસે છે. " એમ કહી તેમની મશ્કરી કરી. પણ હરીજનો એકદમ ઉભા થઈ તેમને દંડવત પ્રણામ કરી આશીશ લીધી. આ જોઇ દૃષી જનો આશ્ચર્ય પામ્યા. ત્યારે હરીજને આચાર્યને પુછ્યું કે મશ્કરી કરનારા, અભક્ષ કરનાર, વ્યસની, વ્યભીચારી, અને ભીખારીઓને આડંબર કરવાથી શું સાધુ ગણીશકાય?

ઉત્તર—

शैले शैले न माणक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो न सर्वत्रः चन्दनो न वने वने ॥

ભાવાર્થ:—" માણેક સર્વે પર્વતોમાં મળે નહિ. દરેક હાથીના મુસ્તકમાં મોતી હોતાં નથી,અને દરેક અરણ્યમાં ચન્દનવૃક્ષ નીપજતાં

નથી તેવીજ રીતે બધા સાધુઓ સાધુતાની પદવી ધરાવી શકતા નથી" કારણ કે साध्यं करोति साधुः (પરમ પુરૂષાર્થ સાધનાર તે સાધુ ગણાય) શિતળદાસ--હમારા કરમમાં તો ભીખ માંગવી લખેલી છે, માટે ધંધો કરતા નથી. सत्यानंदजी—

ઉદ્યમ ઉદ્યમ ઉદ્યમ વળી: અદકો સૌથી આપ,
કર્મ બીચારૂ બાપડુ, ઉદ્યમ પુર પ્રતાપ.

પુરૂષાર્થથી પ્રારબ્ધ બધાય છે. પણ તમે નિચબુદ્ધિથી કનિષ્ટ ભીખ માગી ખાવામાં રચીપચી રહ્યા છો, ત્યારે તમે શિતળદાસ કે અંગારદાસ.

(સાખી)

ઉપરતો કશાઇ કરી, ભીતરતો અંગાર હૈ;
નામ તો શિતળદાસ અંદરતો અંગાર હૈ.

આથી સર્વ હરીજનો ખડખડ હસ્યા. તેથી શિતળદાસ ખીજવાયો અને બોલી ઉઠયો કે " મારૂ નામ મુળો છે. હું કાઠી-આવાડથી હમણાંજ સાધુ બની આવ્યો છે, અને શિતળદાસ તો મારૂ ઉપનામ છે, માટે શું કામ મારી મશ્કરી કરો છો. सत्यानंदे પુછયું " તમારૂ નામ મુળો મેર છે, ત્યારે કળશીયો ભર્યો નહિને ભંડારો કેમ કર્યો ? મુળો--મારાથી કળશીયો ન ભરાય, મારે ગામમાં ઘર નહિ અને સીમમાં શેતર (ખેતર) નથી. વળી માબાપ કયાં મરી ગયા હશે તે હુ જાણુતો નથી, મારા ગરૂએ મને મોટો કર્યો હતો, અને તેમના મરણુ પછી મેં ભંડારો કર્યો હતો. स०--તમારા ગુરૂ કોણુ હતા ? મુળો--ભાંમણુ (બ્રાહ્મણુ) स०—બ્રાહ્મણુને તો બારમુ થાય. મુળો—બારમામાં અમારા ચેલાઓથી ન અવાય તેથી ભજકલદારને માટે ભંડારો કર્યો હતો.

અને અમે ભંડારાપતી કહેવાઇએ છીએ. સ૦—આ બધુ પાખંડ છે. ત્યારે બધા સાધુઓ વિનયપૂર્વક પુછવા લાગ્યા કે " ગુરૂજી અમને સત્યમાર્ગ બતાવો.

॥ सत्यानंदोवाच ॥

धृतिः क्षमा दमोऽ स्तेयम् शौचमिन्द्रीय निग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकम् धर्मलक्षणम् ॥ मनु. ॥

ઓરૂમ: પરમેશ્વરનું મુખ્ય નામ છે. જેમાં તમામ ગૌણિક નામોનો સમાવેશ થઈ જાય છે.

૧ ધૃતિઃ=ધૈર્ય (ધીરજ) રાખવી

૨ ક્ષમા=શીલતા, સહનશકિત, અપકાર પર ઉપકાર કરવો. કારણ કે **क्षमा विरस्य भूषणम्** ક્ષમા વિરપુરૂષનું ઘરેણું છે.

૩ દમ:=તપ કરવા, મનને કાબુમાં રાખવુ–મારવું.

૪ અસ્તયં=ચોરી ન કરવી.

૫ શૌચમ્:=મન તથા શરીરની શુદ્ધતા–પવિત્રતા રાખવી.

૬ ઇન્દ્રિય નિગ્રહ=પાંચે કર્મેન્દ્રિયોને કાબુમાં રાખવી (એટલે વિષય અને વ્યસન તજવા)

૭ ધી:–બુદ્ધિને પવિત્ર રાખવી (એટલે વિપરીત ચાલ ચાલવી નહિ)

૮ વિદ્યા:=તમામ સાધન, વિવિધ દ્રવ્યો તથા ધન અને સુખનુ મુળ વિદ્યાજ છે તેન યથાર્થ પ્રાપ્ત કરવી.

૯ સત્યાં:=સત્યનુ પરિપાલન કરવું. **सत्यमेव जयते.**

૧૦ અક્રોધ:-મિથ્યા ક્રોધ ન કરવો (એટલે પરમ શાન્તીનુ સેવન કરવું) દશકં ધર્મલક્ષણમ આ દશ ધર્મના લક્ષણ છે, તે પાળવાથીજ પવિત્ર થવાય છે.

આ સદ્‌બોધ મનન કરી સર્વ સાધુઓ બોલ્યા " અત્યારસુધી હમે અજ્ઞાન અંધકારમાં ઘેરાએલા હતા, પરંતુ હમારા સદ્‌ભાગ્યે

આપનું આગમન થયું: તેથી અમારા અંતઃકરણને અમૃત બો સીંચનથી પવિત્ર કર્યું છે. હમે આપનો અનહદ ઉપકાર માનીએ છીએ અને વેદિક સિદ્ધાંત ધારણ કરીને સત્કર્મ કરવા ઇચ્છીએ છીએ

सत्यानंदजी—સંમીત્રો, પ્રાતઃકાળ થયો છે માટે ઇશ્વર આરતિ કરીને યાચીએ કે જેથી સર્વનું કલ્યાણ થાય ! ! !

॥ આરતિ ॥

ૐ જય જગદીશ હરે પિતા જય જગદીશ હરે,
ભક્ત જનન કે શંકટ, ક્ષણમેં દુર કરે. ૐ જય (
જો ધ્યાવે ફલપાવે, દુઃખ વિનશે મનકા;
સુખ સમ્પતિ ઘર આવે, કષ્ટ મિટે તનકા. ૐ જય (૨)
માત પિતા તુમ મેરે, શરણ ગ્રહુ કિસકી;
તુમ બીન ઔર ન કોઇ, આશા કરૂં જિસકી. ૐ જય (૩)
તુમ પુરણ પરમાત્મા, તુમ અન્તર્યામી;
પરબ્રહ્મ પરમેશ્વર, તુમ સબકે સ્વામી. ૐ જય (
તુમ કરૂણા કે સાગર, તુમ પાલન કર્તા,
મેં મૂરખ ખલકામી, કૃપા કરો ભર્તા. ૐ જય (
તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ;
કિસ વિધિ મિલું દયામય, તુમકો મેં કુમતિ. ૐ જય
દિન બન્ધુ દુઃખ હરતા, તુમ રક્ષક મેરે;
કરૂણા હસ્ત બઢાઓ, શરણ પડાતેરે. ૐ જય (
વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા;
શ્રદ્ધા ભક્તિ બઢાઓ સજ્જનોકિ સેવા. ૐ જય (૮

इति ॐ शान्ति, शान्ति शान्ति